# <u>વડોદરા ખાતે આયોજીત ૫૦માં ફુલ, ફળ, શાકભાજી અને બોન્સાઇ પ્રદર્શન/હરીફાઇમાં શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટીકલ્ચરનું ઉત્કૃષ્ટ પ્રદર્શન</u>

બરોડા એગ્રી-હોર્ટીકલ્ચર કમિટી અને બાગાયત ખાતા દ્વારા તા.૨૩-૨૭/૦૨/૨૦૨૩ દરમ્યાન આયોજીત ૫૦માં ફુલ, ફળ, શાકભાજી અને બોન્સાઇ પ્રદર્શન/હરીફાઇમાં શેઠ ડી. એમ. પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર કોલેજ તેમજ વોકેશનલ કોર્ષ ઓન લેન્ડ સ્કેપગાર્ડનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ આચાર્યશ્રી ડૉ.બી. એચ. પંચાલના માર્ગદર્શન હેઠળ વિવિધ હરીફાઈ/પ્રદર્શનમાં ભાગ લીધેલ હતો. સદર પ્રદર્શન/હરીફાઈમાં ડો. આર. જે. મકવાણા તથા ડો. વી.કે.પટેલના સતત માર્ગદર્શન હેઠળ વિધ્યાર્થીઓએ કુલ ૬ મીનીએચર અને ૪ ફ્લાવર અરેંજમેન્ટના નમૂના બનાવેલ હતા. કાર્યક્રમના ઉદ્ઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે **"રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ"** ઉપસ્થિત રહ્યા હતા જેમણે પ્રદર્શની તેમજ હરીફાઈની મુલાકત લીધી હતી ઉપરાંત મદદનીસ પ્રાધ્યાપક ડો. આર. જે. મકવાણા તેમજ ડો. વી. કે. પટેલ સાથે વાર્તાલાપ દરમ્યા કોલેજના વિદ્યાર્થીઓની પ્રવૃતિઓની જાણકારી મેળવી હતી. મુલાકાત દરમ્યાન તેમણે વિદ્યાર્થીઓની કુશાળતાના વખાણ કર્યા તેમજ પ્રોત્સાહિત કર્યા હતા. ફુલોની ગોઠવણી, મીનીએચર ગાર્ડન અને ફુલોના બુકે બનાવવાની હરીફાઇમાં વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ કુલ ૧૧ નમૂના પૈકી મીનીએચર ગાર્ડનની હરીફાઇમાં વિધ્યાર્થીઓને પ્રથમ, દ્વિતિય અને તૃતિય તેમજ ફુલોની ગોઠવણીની હરીફાઇમાં પ્રથમ અને તૃતિય ઇનામ મેળવેલ છે. ઉપરાત અત્રે કોલેજ ખાતે શ્રી વી.ડી.રાઠવા દ્વારા ટેરેસ ગાર્ડનમાં પ્રાકૃતિક ખેતી દ્વારા બનાવાયેલ શાકભાજીના નમૂના પણ મૂકવામાં આવેલ હતા તેમાથી બ્રોકોલીને પ્રથમ ઈનામ મળેલ છે.



વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ તેમજ ઈનામ મેળવેલ વિવિધ મીનીએચર ગાર્ડન

| |
|---|
|    |
| વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ વિવિધ મીનીએચર ગાર્ડન |
|     |
| વિદ્યાર્થીઓ દ્વારા બનાવાયેલ વિવિધ ફ્લાવર અરેંજમેન્ટ |
|   |